# નિર્જલા એકાદશીઃ સંયમ, શ્રદ્ધા અને ભકિતનો ઉત્સવ

**ધર્મરંગ**
**વ્યોમા સેલર**



સનાતન હિંદુ ધર્મમાં વ્રત તથા ઉપવાસોનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. હિંદુશાસ્ત્રોમાં અનેક પ્રકારનાં વ્રતોનો ઉલ્લેખ જોવા મળે છે. આવાં વ્રતોમાં એકાદશી વ્રત પણ પ્રમુખ છે. બધા જ સંપ્રદાયને અનુસરનારા સાધકો તથા શ્રદ્ધાળુઓ એકાદશી વ્રતનું પાલન કરે છે પરંતુ વૈષ્ણવ સંપ્રદાયને અનુસરનારા સાધકો એકાદશીના વ્રતને વિશેષ મહત્ત્વ આપે છે. આખા વર્ષમાં 24 એકાદશીનાં વ્રત આવે છે. જે સાધક અથવા શ્રદ્ધાળુઓ એકાદશી વ્રતનું પાલન કરે છે તેમણે પ્રાતઃકાળે સૂર્યોદયના સમયે સ્નાન કરીને ભગવાન વિષ્ણુની પૂજાઅર્ચના કરી વ્રતના પાલનનો સંકલ્પ કરવો જોઈએ. આ વ્રત કરનાર શ્રદ્ધાળુને વિશેષ ધ્યાનમાં રાખવા જેવી બાબત એ છે કે પોતાના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને સ્વસ્થતાપૂર્વક નિર્જળા એકાદશીનું પાલન કરવાનો નિર્ણય કરવો જોઈએ.

પૌરાણિક માન્યતા અનુસાર પાંચ પાંડવમાં એક ભીમસેન નિર્જળા એકાદશીનું પાલન કરી વૈંકુઠ પામ્યા હતા. ભીમસેન વ્યાસજીને કહે છે, ‘‘હે પિતામહ યુધિષ્ઠિર, માતા કુંતી, અર્જુન, નકુલ, સહદેવ બધા જ એકાદશીનું વ્રત કરવાનું કહે છે પરંતુ હે મહારાજ હું ભગવાનની શકિત, પૂજા કરી શકું છું, દાન આપી શકું પરંતુ ભોજન વગર રહી ન શકું.’’ વ્યાસજી ભીમસેનને કહે,

‘‘સ્વર્ગમાં મૃત્યુ બાદ જવાની ઈચ્છા હોય તો આ ઉપવાસ તો તારે કરવો જ પડશે. એકાદશીના દિવસે અન્ન ખાવું એ નિષેધ છે.’’ ભીમસેન કહે છે,‘‘પિતામહ હું ભૂખ સહન કરી શકું નહીં પરંતુ વર્ષમાં એવી એકાદશીનું વ્રત હોય તો મને બતાવો. એક વાર તેનું પાલન કરવાથી સ્વર્ગની પ્રાપ્તિ થઈ જાય છે.’’ શ્રી વ્યાસજી કહે છે કે, ‘‘દાન વગર અને ઓછા પરિશ્રમથી સ્વર્ગની પ્રાપ્તિ થઈ જાય છે. શાસ્ત્રોમાં બંને પખવાડિયા એકાદશીનું વ્રત મુક્તિ માટે કરવામાં આવે એવું વર્ણન આવે છે.’’ વ્યાસજીનું આવું કથન સાંભળી ભીમસેન નરકગમન જવાના ડરથી ભયભીત થઈ ધ્રુજતા શરીરે વિચારવા લાગ્યો. હું તો મહિનામાં બે એકાદશી કરવા અસમર્થ છું પરંતુ વર્ષમાં એક વાર એકાદશીના આ વ્રતનું પાલન કેવી રીતે કરી શકું તે જણાવો.

શ્રી વ્યાસજી કહેવા લાગ્યા કે, ‘‘ભીમસેન વૃષભ રાશિ અને મિથુન રાશિના સંક્રાતિકાળમાં જેઠ માસની શુકલ પક્ષની એકાદશી આવે છે. જે નિર્જળા એકાદશી તરીકે ઓળખાય છે. માટે હે ભીમસેન, આ એકાદશીના વ્રતમાં સ્નાન તથા આચમન સિવાય જલગ્રહણનો પણ નિષેધ છે. આ એકાદશીના દિવસે અન્નગ્રહણ કે કોઈ પણ પ્રકારનું ભોજન કરવાથી વ્રતનું પાલન નષ્ટ થઈ જાય છે. આ એકાદશીનું પુણ્ય સમસ્ત તીર્થ અને બધા જ પ્રકારનાં દાનોથી અધિક છે. ફકત એક દિવસ નિર્જળા એકાદશીનું પાલન કરવાથી મૃત્ય સમયે યમરાજ તે જીવ પાસે આવવાની હિંમત પણ કરતા નથી. આવા જીવાત્માને લેવા માટે ભગવાનના પાર્ષદો પુષ્પક વિમાનમાં બેસાડીને ભગવાનના ધામ ગોલોકમાં લઈ જાય છે. સંસારમાં સૌથી શ્રેષ્ઠ નિર્જળા એકાદશીનું વ્રત છે માટે ખૂબ જ સાવધાનીપૂર્વક આ એકાદશીનું પાલન કરવું જોઈએ. એકાદશીના દિવસે ‘ઓમ નમો ભગવતે વાસુદેવાય’ના મંત્રનો સતત જપ કરવો જોઈએ તથા ગૌદાન પણ કરવું જોઈએ.’’ ભગવાન વ્યાસદેવજીની આજ્ઞા અનુસાર ભીમસેને આ વ્રતનું પાલન કર્યું હતું માટે આ એકાદશીને ભીમ અગિયારસ અથવા પાંડવ એકાદશી પણ કહેવાય છે.

નિર્જળા એકાદશી વ્રત કરતા પહેલાં ભગવાનને પ્રાર્થના કરવી જોઈએ હે ભગવાન હું આ નિર્જળાવ્રતનું પાલન કરું છું. આ વ્રતનું પાલન શ્રધ્ધાપૂર્વક કરીશ. તમારી કૃપા થકી મારાં બધાં જ પાપ નાશ પામી જશે. જે મનુષ્ય નિર્જળા એકાદશીના વ્રતનું પાલન કરે તો તેમને કરોડો સોનામહોર દાન આપ્યાનું પુણ્ય મળે છે. આ એકાદશીના વ્રતથી મનુષ્યને વિષ્ણુલોકની પ્રાપ્તિ થાય છે. આ દિવસે કરેલું અન્નદાન અક્ષય થાય છે, ગાયનું દાન શ્રેષ્ઠ ગણાય છે. મહાભારતમાં પણ નિર્જળા એકાદશીની કથાનો ઉલ્લેખ છે. વ્રત (અગિયારસ) પોતાના શ્રીજીનું શરણ અને સ્મરણ, યમુનાષ્ટક, સર્વોત્તમ પાઠ કરવા વૈષ્ણવો માટે શ્રેષ્ઠ છે.

> એકાદશીના દિવસે અન્ન ખાવું એ નિષેધ છે.’’ ભીમસેન કહે છે,‘‘પિતામહ હું ભૂખ સહન કરી શકું નહીં પરંતુ વર્ષમાં એવી એકાદશીનું વ્રત હોય તો મને બતાવો. એક વાર તેનું પાલન કરવાથી સ્વર્ગની પ્રાપ્તિ થઇ જાય છે

નિર્જલા એકાદશી સમાજમાં સંયમ, સેવા અને ભક્તિનો સંદેશ આપે છે. તે આપણને શીખવે છે કે ઈચ્છાઓ પર નિયંત્રણ રાખીને પણ આધ્યાત્મિક ઉન્નતિ મેળવી શકાય છે. ભગવાન વિષ્ણુની કૃપા મેળવવા માટે આ દિવસ ખૂબ શુભ માનવામાં આવે છે.

આ રીતે નિર્જલા એકાદશી માત્ર ધાર્મિક પરંપરા નથી પરંતુ જીવનને શિસ્તબદ્ધ, શુદ્ધ અને આધ્યાત્મિક દિશામાં આગળ વધારવાનો એક મહત્ત્વપૂર્ણ અવસર છે.

---

# પગલૂછણિયું એ જ અરીસો

**બાઉલ કથા**



**લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ**

સતીશ! બાઉલોને વાત કહેવા માટે કે ગીત રચવા માટે પ્રતીકો કે સંદર્ભો શોધવા માટે પુરાણ જેટલું દૂર કે તમારા પૂંથીયાઓની જેમ ઊંડા અભ્યાસગ્રંથોમાં ન જવું પડે! તે સહજ, આજુબાજુના વાતાવરણમાંથી, સચોટ રીતે સામે ચાલી, અમારા વાત-ગીતમાં ચૂપચાપ, પલાંઠીવાળી બેસી જાય!’’

પશ્ચિમ બંગાળની સુવર્ણરેખા નદીના કાંઠે, વિષ્ણુપુર (બાંકુરા) જિલ્લાના સોનાકાન્યા ગામના સીમાડે, અમે રોમાચાંદ બાઉલના આશ્રમે બેઠા હતા ત્યારે તેણે વાત છેડી. પછી થોડું રોકાઈને બોલ્યા, ‘‘સાંભળો! મારા ગુરુ વિદુરચાંદનું આ ગીતઃ

પાપોષ, આપનાર આચરનેર આઈના!
જતઈ લૂકિએ રાખુક ના,
કેન ચૂપ થાકબે ના!
પાપોષ, આપનાર આચરનેર આઈના!
પાપોષેર દિકે થાકાન!
અસબાબેર દિક થાકાન ના
આપે ક્ષણ બલે દેખે થેક એસેછે સે કોન જોતરા જાયગા!
કેન ચૂપ થાકબે ના!
જે ઘર પરિષ્કર રાખે ;
સે કી પાપાષે પરિષ્કર રાખે?
વિદુર બલે, સુનો બંધુ! તાર મનેર બેષમ્ય જાય જાના!
કેન ચૂપ થાકબે ના!

સમગાની અનુવાદ

પગલૂછણિયું જ તારો અરીસો!
કેટકેટલું તું છુપાવ? તારો છતો કરે હર કિસ્સો!
તે છે તારો અરીસો !
ભલે રચ્યો દિવાનખંડમાં તે અસબાબી ઠસ્સો !
તે તારો છતો કરે હર કિસ્સો!
સાફસૂથરું ઘર જે રાખે ;
ગંદું પગલૂછણિયું કેમ સાંખે?
વિદુર કહે તુજ મનમાં નક્કી, ભેદભાવ કે ગુસ્સો!
તે છે તારો અરીસો !




ગીત પૂર્ણ કરી તે બોલ્યો, ‘‘મારા ગુરુ વિદુરદાસ કહેતા કે કોઈ આશ્રમ કે ઘરમાં પ્રવેશ કરો ત્યારે તેના વૈભવી રાચરચીલું કે તે માણસની વાતોથી તેનો તાગ ન મેળવવો! પ્રવેશદ્વાર પર રાખેલું પગલૂછણિયું જોઈ લેવું! આ પગલૂછણિયું જ ઘરનો અરીસો છે! ઘરના સભ્યો, કેવા કેવા ગંદા સ્થાનેથી, રખડી, ભટકી કેવા કેવા ગંદા અનુભવ સહિતના પગ લઈ અને આવે છે, તે બધી જ ખબર અહીં પગલૂછણિયા પાસેથી મળી જાય છે!’’

તેઓ આગળ બોલ્યા, ‘‘વળી ઘરને ચોખ્ખું રાખનાર વ્યક્તિનો, પગલૂછણિયા સાથેનો વ્યવહાર કેવો છે તે પણ પગલૂછણિયાની દશા પરથી સમજાઈ જશે! તે તેને અસબાબની સાથે નિયમિત સાફ કરે છે? શું તે પગલૂછણિયા સાથે કિંમતી રાચરચીલાની જેમ જ વર્તે છે? શું તેની દ્રષ્ટિમાં અભેદ છે? તે સમજાઈ જશે!’’

> કોઈ આશ્રમ કે ઘરમાં પ્રવેશ કરો ત્યારે તેના વૈભવી રાચરચીલું કે તે માણસની વાતોથી તેનો તાગ ન મેળવવો! પ્રવેશદ્વાર પર રાખેલું પગલૂછણિયું જોઈ લેવું! આ પગલૂછણિયું જ ઘરનો અરીસો છે! ઘરના સભ્યો કેવા કેવા ગંદા સ્થાનેથી, રખડી, ભટકી કેવા કેવા ગંદા અનુભવ સહિતના પગ લઈ અને આવે છે, તે બધી જ ખબર અહીં પગલૂછણિયા પાસેથી મળી જાય છે

થોડું રોકાઈ અને બોલ્યા, ‘‘બાંકુરાની આજુબાજુનો આખો વિસ્તાર ચીકણી માટીનો પ્રદેશ છે. તેને ગુરુએ પગલૂછણિયાના પ્રતીક દ્વારા, પ્રતીકાત્મક રીતે ખરેખર તો પગલૂછણિયા દ્વારા માનવના મન અને અન્ય લોકો સાથેના તેના વ્યવહારની વાત સમજાવી છે.’’ અમે બાઉલની પ્રતીક સાદગી અને સહજતાને સાંભળી રહ્યા.